| GJSK040032072021 | આંક– | |
|---|---|---|
| | કેસ દાખલ તા: | ૨૪/૦૬/૨૦૨૧ |
| | કેસ રજી.તા: | ૨૪/૦૬/૨૦૨૧ |
| | કેસ ફેસલ તા: | ૨૯/૦૭/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**–: નમુનો – અ :–**

**ઈડરના મે.એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઈડર.**

**ચુકાદાની તા.૨૯/૦૭/૨૦૨૬**
**ફોજદારી કેસ નં.૨૯૭૩/૨૦૨૧**

| | |
|---|---|
| ગુનાની કલમ | ઇ.પી.કો.કલમ–૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | સે.ગુ.ર.નં.૩૧૯૧/૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | ઇડર પોલીસ સ્ટેશન |
| ફરીયાદી પક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી પી.બી.દવે. |
| આરોપીઓ | (૧) કિરણભાઇ પુંજાભાઇ ભોઇ, ઉ.વ.૩૩,<br>(૨) કૌશીકભાઇ કનુભાઇ ભોઇ, ઉ.વ.૨૫,<br>(૩) કૃણાલ પુંજાભાઇ ભોઇ, ઉ.વ.૨૨,<br>ત્રણેય રહે.ભોઇવાડા, વેરાઇમાતાના મંદિર પાસે, ઇડર, તા.ઇડર, જી.સાબરકાંઠા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | એમ.બી.જોશી. |

**–: નમુનો – બ :–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૭/૦૧/૨૦૨૧ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૮/૦૧/૨૦૨૧ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૨૪/૦૬/૨૦૨૧ |
| તહોમતનામાની તારીખ | ૧૪/૦૯/૨૦૨૧ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૮/૧૦/૨૦૨૨ |
| ચુકાદો માટે રાખવાની તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | ૨૯/૦૭/૨૦૨૬ |

**:: આરોપીની વિગત ::**

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | ફરીયાદ | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતાની કલમ–૪૨૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કિરણભાઇ પુંજાભાઇ ભોઇ | તા.૦૧/૦૨/૨૦૨૧ | તા.૦૧/૦૨/૨૦૨૧ | ઇ.પી.કો.કલમ –૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ. | સજા | ઇ.પી.કો. કલમ –૫૦૪,૫૦૬(૨) મુજબના ગુન્હામા નિર્દોષ છોડવામાં આવેલ છે અને ઇ.પી.કો.કલમ – ૩૨૪, ૧૧૪ મુજબના ગુન્હામાં પ્રોબેશનનો લાભ | – |
| ૨. | કૌશીકભાઇ કનુભાઇ ભોઇ | તા.૦૧/૦૨/૨૦૨૧ | તા.૦૧/૦૨/૨૦૨૧ | | સજા | | |
| ૩. | કૃણાલ પુંજાભાઇ ભોઇ | તા.૦૧/૦૨/૨૦૨૧ | તા.૦૧/૦૨/૨૦૨૧ | | સજા | | |

**:: નમુનો – ક ::**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરીયાદપક્ષ**

| અનુ. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | કલ્પેશભાઇ અમૃતભાઇ ભીલની જુબાની | ૨૨ | ફરીયાદી |
| ૨. | નરેશકુમાર હમીરજી ભીલની જુબાની | ૨૬ | પંચ |
| ૩. | મનોજભાઇ ઇશ્વરભાઇ ભીલની જુબાની | ૨૮ | સાહેદ |
| ૪. | ભરતભાઇ પ્રહલાદભાઇ ભીલની જુબાની | ૩૨ | પંચ |

| | | | |
|---|---|---|---|
| ૫. | કંચનબેન મનોજભાઇ રાણાની જુબાની | ૩૩ | સાહેદ |
| ૬. | પીયુષભાઇ અમૃતભાઇ ભીલની જુબાની | ૪૫ | સાહેદ |
| ૭. | પપ્પુભાઇ અમૃતભાઇ ભીલની જુબાની | ૪૯ | સાહેદ |
| ૮. | રોહન મનોજભાઇ ભીલની જુબાની | ૫૦ | સાહેદ |
| ૯. | ભાવેશકુમાર રાજુભાઇ ભીલની જુબાની | ૫૧ | સાહેદ |
| ૧૦. | હિરણસિંહ જગતસિંહ રહેવરની જુબાની | ૫૯ | ત.ક.અમલદાર |

**ફરીયાદી/બચાવ/ન્યાયાલયના દસ્તાવેજની યાદી**

**અ.ફરીયાદપક્ષ**

| અનુ. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૩ | અસલ ફરીયાદ |
| ૨ | ૨૭ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | ૬૫ | ત.ક.અમલદાર ધ્વારા સીવીલ હોસ્પીટલમાં કરેલ અરજી |

**-: ચુ કા દો :-**

(૧).. ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીઓ પૈકી ગઇ તા.૧૭/૦૧/૨૦૨૧ કલાક ૨૧:૦૦ વાગ્યે મોજે ઇડર જોગણી માતાના મંદિર પાસે ભીલવાસ ખાતે અગાઉની અદાવતના કારણે ફરીયાદીના ભાઇ અલ્પેશ ઉર્ફે પપ્પુને આરોપી નં.૧ કિરણભાઇએ માથાના પાછળના ભાગે ઇંટ મારી તથા આરોપી નં.૨,૩,૪ નાઓએ ફરીયાદીને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ. તે મુજબની ફરીયાદ ફરીયાદી ધ્વારા ઇડર પોલીસ સ્ટેશનમાં આપતાં, પોલીસ એજન્સીએ આરોપીઓ વિરુધ્ધ ગુનો દાખલ કરેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારી

શ્રીએ તપાસ કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ છે.

(૨).. આ કામના આરોપીઓને સમન્સની ધારાસર બજવણી થતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ, તેઓને સી.આર.પી.સી.કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપેલ. ત્યારબાદ આંક–૦૭ થી તહોમતનામું ફરમાવી આંક–૦૮ થી ૧૦ સુધી આરોપીઓની પ્લીઓ નોંધવામાં આવતાં આરોપીઓએ ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩).. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનું ક્રિ.પ્રો. કો.કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતો નકારી પોતાને સોગંદ પરની જુબાની આપવી નથી તેમજ બચાવપક્ષના સાહેદો તપાસવા નથી અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તદ્દન નિર્દોષ છે. તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી. આ કામના ફરીયાદી તથા સાહેદો ઉપર કરેલ ફરીયાદના કામે ખોટો બચાવ કરવા ખોટી ફરીયાદ કરી તેઓને ખોટી રીતે સંડોવેલ હોવાનુ જણાવેલ છે.

(૪).. ત્યારબાદ સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા બચાવપક્ષે તેઓની મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

(૫).. આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરાયેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓ પૈકી ગઇ તા.૧૭/૦૧/૨૦૨૧ કલાક ૨૧:૦૦ વાગ્યે મોજે ઇડર જોગણી માતાના મંદિર પાસે ભીલવાસ ખાતે અગાઉની અદાવતના કારણે ફરીયાદીના ભાઇ અલ્પેશ ઉર્ફે પપ્પુને આરોપી નં.૧ કિરણભાઇએ માથાના પાછળના ભાગે ઇંટ મારી તથા આરોપી નં.૨,૩,૪ નાઓએ ફરીયાદીને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી,ઇ.પી.કો. કલમ–૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૬)..** ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર હું નીચે મુજબ આપુ છુ.

(૧) અંશત: હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–: કા ર ણો :–</u>**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

**(૭)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૨ થી ફરીયાદી કલ્પેશભાઇ અમૃતભાઇ ભીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,બનાવ તા. ૧૭/૧/૨૧ ના રોજ બનેલો.બનાવ સમયે તેઓ તેમના ઘરે જમવા બેસેલ

હતા. બનાવમાં તેઓ અલ્પેશ ભાઈ ઉર્ફે પપ્પુ અમૃતભાઈ ભીલનાઓને જોગણી માતાના મંદીર પાસે કંચનબેન મનોજભાઈના ઘર પાસે કીરણભાઈ પુજાભાઈ ભોઈનાઓએ પાણીની બોટલ છુટી મારેલી અને ત્યારબાદ માથાના ભાગે ઈંટ મારેલી.ત્યારબાદ અલ્પેશભાઈ ને તેઓના ભત્રીજો રોહનભાઈ તથા ભાવેશભાઈ સારવાર અર્થે દવાખાને લઈ ગયેલા. ત્યારબાદ ધુળાભાઈ, કુણાલભાઈ પુજાભાઈ ભોઈ, કૌશીકભાઈ તથા કીરણભાઈ પુજાભાઈ ભોઈ વિગેરે નાઓએ તેઓના ઘર ઉપર પથ્થર મારો કરેલો તથા બનાવ સ્થળે તેઓના ભાઈએ અલ્પેશભાઈની બાઈક પડેલ હતી તેને પણ સળગાવી નાખેલ તથા તેઓના ઘરમાં રહેલા વાસણો તથા ઘરવખરીને તોડફોડ કરીને નુકશાન કરેલુ તથા આ કામના આરોપીઓ તેઓને તથા તેમના પરીવારના સભ્યોને બીભત્સ ગાળો બોલેલા.બનાવની ફરીયાદ તેઓએ ઈડર પોલીસ સ્ટેશન આપેલી અને ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક-૨૩ થી રજુ કરવામાં આવેલ છે.

તેમજ સદર ફરીયાદીની બચાવપપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, જોગણી માતાના મંદીર ની બાજુમાં ઘણાબધા મકાન આવેલા છે. બનાવ વાળી જગ્યાની બાજુમાં નારણભાઈ ભીલ, મનોજભાઈ ઈશ્વરભાઈ વિગેરેના મકાનો આવેલા છે. બનાવના દીવસે તેઓના ફળીયામાં લગ્ન પ્રસંગ હતો. એ વાત ખરી નથી કે આ લગ્ન પ્રસંગનો જમણવાર મંદીરમાં રાખવામાં આવેલ હતો. સાહેદ જણાવે છે કે, ચોકમાં રાખવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે, આ જમણવારમાં ઘણા બધા માણસો ભેગા થયેલ હતા. એ વાત ખરી છે કે, બનાવના સમયે હુ મારા ઘરે જમવા બેસેલ હતો તે વખતે મારા ઉપર મોબાઈલ ઉપર બાબુભાઈ

સુરેન્દ્રસીહ ભીલ નાએ બનાવ અંગેના સમાચાર આપેલ હતા.બાબુભાઈ ભીલ નુ મકાન જોગણી માતાના મંદીર પાસે આવેલ છે. એ વાત ખરી છે કે બાબુભાઈ ભીલનો મારા ઉપર ફોન આવતા હુ બનાવ વાળી જગ્યા એ ગયેલ અને મારા ભાઈને બાઈક ઉપર બેસાડીને દવાખાને લઈ ગયેલ હતો. સાહેદ જણાવે છે કે, જયારે હુ બનાવ સ્થળે પહોચેલ ત્યારે મારા ભાઈના માથામાં લોહી નીકળતુ હતુ. એ વાત ખરી છે કે, હુ પહોચેલ ત્યારે મારા ભાઈના માથા માંથી લોહી નીકળતુ હતુ એ હકીકત મે પ્રથમવાર નામદાર કોર્ટમાં જણાવેલ છે. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રુબરુની ફરીયાદમાં એવી હકીકત જણાવેલ નથી કે ''ત્યારબાદ ધુળાભાઇ, કુણાલભાઈ પુજાભાઈ ભોઇ, કૈૌશીકભાઈ તથા કીરણભાઈ પુજાભાઈ ભોઈ વિગેરે નાઓએ મારા ઘર ઉપર પથ્થર મારો કરેલો તથા બનાવ સ્થળે મારા ભાઈએ અલ્પેશભાઈની બાઈક પડેલ હતી તેને પણ સળગાવી નાખેલ તથા અમારા ઘર માં રહેલા વાસણો તથા ઘરવખરી ને તોડફોડ કરી ને નુકશાન કરેલ.''

(૮).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૬ થી પંચ સાહેદ નરેશકુમાર હમીરજી ભીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેમને ૨૧ મી તારીખે સને–૨૦૨૧ ની સાલમાં પોલીસે તેમને પંચ તરીકે બોલાવેલ હતા. ત્યાં બે પોલીસના માણસો હતા અને આજુબાજુ બે છોકરાઓ ઉભા રહેલા હતા. ત્યાં તેઓ રસ્તામાં જતા હતા. પોલીસે તેમને બોલાવી અને એક તૈયાર પંચનામામાં તેઓની સહી લીધેલી. પંચનામાંની અન્ય વિગત તેઓ કંઇ જાણતા નથી. અસલ પંચનામું તેમને બતાવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવી આંક–૨૭ થી રજુ કરવામાં આવેલ છે.સદર સાહેદ પંચનામાંને

લેશમાત્ર સમર્થન કરેલ ન હોય, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.તેમજ સદર પંચ સાહેદોની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાત ખરી છે કે, કલ્પેશકુમાર અમૃતભાઇ ભીલ તેઓના ભત્રીજા થાય છે. એ વાત ખરી છે કે, તેમના કહેવાથી તેઓએ પંચનામામાં સહીઓ કરેલી. એ વાત ખરી છે કે, પોલીસે તેઓનુ નામ, સરનામું પુછેલ તે સિવાય બીજુ કંઇ પુછેલ નહી. આમ, સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી સદર પંચ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી.

(૯).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૨૮ થી સાહેદ મનોજભાઇ ઇશ્વરભાઇ ભીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,બનાવ તા.૧૭/૧/૨૧ ના રોજ બનેલો. તેઓ તેમના ઘરે હતા. બનાવમાં તેઓના ભાઇ અલ્પેશભાઇ ને કીરણભાઇ, કૌશીકભાઇ,ધુળાભાઇ અને અલ્પેશભાઇને માથાના ભાગે પાછળ ઇંટ મારેલી હતી. બનાવ બાદ તેઓનો બાબો રોહન અને ભાવેશભાઇ અલ્પેશભાઇને સરકારી દવાખાને લઇ ગયેલા. અલ્પેશભાઇને કીરણભાઇએ ધમકીઓ આપેલી કે તેઓની સામે પોલીસ કેસ કરશો તો જાનથી મારી નાખીશુ. બનાવના ફરીયાદ અલ્પેશભાઇ એ ઇડર પોલીસ સ્ટેશન આપેલી. પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે.

તેમજ સદર સાહેદની બચાવપપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, અલ્પેશભાઈ મારા

કાકાના દિકરા થાય છે. બનાવની આજુબાજુ મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની નજીકમાં સતીષભાઈ કનુભાઈ ભોઈનુ મકાન આવેલુ છે. સાહેદ જણાવે છે કે, આ મકાન સો ફુટ દુર છે. એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં બનાવ તા.૧૭/૦૧/૨૦૨૧ ના રોજ બનેલાનુ લખાવેલ નથી.એ વાત ખરી છે કે, તા.૧૭/૦૧/૨૦૨૧ ના રોજ સતીષભાઈ કનુભાઈ ભોઈના ઘરે લગ્ન પ્રસંગ હતો. એ વાતની મને ખબર નથી કે, લગ્ન પ્રસંગ હોવાથી ત્યા ઘણા બધા માણસો ભેગા થયેલા હતા. એ વાત ખરી છે કે, બનાવના સમયે હુ તથા મારી પત્ની બંને જણા ઘરની અંદર હતા. એ વાત ખરી છે કે, બુમાબુમ થતા અમો બંને ઘરની બહાર આવેલા. મારો ભત્રીજો અલ્પેશ પાનનો ગલ્લો ચલાવે છે. તે ગલ્લા ઉપર રોજ બેસી વેપાર કરે છે. એ વાત ખરી છે કે, મારી ઉપર જુગાર તેમજ પોલીસ ઉપર હુમલાનો કેસ ચાલે છે. અલ્પેશભાઈને ઈડર સરકારી દવાખાને લઈ ગયેલા. હુ તેઓની સાથે ગયેલ નહી. બનાવના બે ત્રણ દિવસ પછી પોલીસે મારી તથા મારી પત્નીની પુછપરછ કરેલી. એ વાતની મને ખબર નથી કે, આ બાબતની ફરીયાદ કિરણભાઈ એ અલ્પેશભાઈ ઉપર કરેલી. મે સરતપાસમા જણાવેલ ધુળાભાઈ નામની વ્યકિતનુ આખુ નામ મને ખબર નથી. તે વ્યકિત શુ ધંધો કરે છે તે મને ખબર નથી. સાહેદ જણાવે છે કે, તે ભોઈવાડા રહે છે. એ વાત ખરી છે કે, મે મારી પોલીસ જવાબમાં અલ્પેશભાઈને કિરણભાઇ, કૌશીકભાઈ નાઓએ ધમકીઓ આપેલ કે, અમારી સામે પોલીસ કેસ કરશો તો જાનથી મારી નાંખીશ'' તેવુ શબ્દશ: જણાવેલ નથી.

(૧૦).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૩ર થી પંચ સાહેદ ભરતભાઇ પ્રહલાદભાઇ ભીલને** સોગંદ ઉપર તપાસવામાં

આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,તેઓને તા. ૧૮/૧/૨૨ ના રોજ પંચમાં રહેવા માટે બોલાવેલ હતા.બનાવવાળા સ્થળ ઉપર અલ્પેશભાઈ હાજર હતા અને તેઓએ બનાવવાળી જગ્યા બતાવેલ હતી. બનાવવાળી જગ્યાએ રામધ્વારા મંદીર ઘાંટી પાસે આવેલ છે. બનાવવાળી જગ્યાની પુર્વ બાજુએ વડલાનુ ઝાડ આવેલ છે. આ વડલાનુ ઝાડ છોડીને મંદીર આવેલ છે.બનાવવાળી જગ્યાની દક્ષિણ બાજુએ મકાનો આવેલ છે. બનાવવાળી જગ્યાની પશ્ચિમ બાજુએ પાંચ હાટડીયા બાજુએ જવાનો રસ્તો આવેલ છે.બનાવવાળી જગ્યાની ઉતર બાજુએ મકાનો આવેલ છે. ગુનાવાળી જગ્યાએથી થોડે દુર કપચી અને રેતીનો ઢગલો આવેલ છે. પશ્ચિમબાજુએ થોડે દુર કોઈ વસ્તુ પડેલી જે તેઓએ જોયેલી નહી. અલ્પેશભાઈએ અમને જણાવેલ કે અલ્પેશભાઈને કીરણભાઈની સાથે મારા-મારી થયેલાની તેઓના રુબરુ હકીકત જણાવેલ હતી. તેમને આંક-૨૭ વાળા અસલ પંચનામુ બતાવતાં જેમાં તેઓની પંચ નં-૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે.

તેમજ સદર સાહેદની બચાવપપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, અલ્પેશભાઇ ઉર્ફે પપ્પુભાઇ અમૃતભાઇ ભીલ તેઓના કાકાના દિકરા છે. એ વાત ખરી છે કે, અલ્પેશભાઇએ તેમને પંચમાં રહેવા માટે જણાવતાં તેઓએ ખુશી દર્શાવેલી અને તેમના કહેવાથી તેઓએ પંચનમામાં સહીઓ કરેલી હતી અને આ સહીઓ તેઓએ બનાવના બીજા દિવસે સવારે કરેલી હતી. એ વાત ખરી છે કે, તેઓ પંચનામામાં સહીઓ કરવા માટે ગયેલ ત્યારે નરેશભાઇ હમીરજી ભીલ ત્યાં હાજર હતા. એ વાત ખરી છે કે, નરેશભાઇએ પહેલા સહી કરેલી

અને પછી તેઓએ સહી કરેલી હતી. એ વાત ખરી છે કે, તેઓ બનાવ સ્થળે પહોચેલ ત્યારે પંચનામું લખેલ તૈયાર હતુ અને તેઓએ સહી કરેલ હતી.

(૧૧).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૩૩ થી સાહેદ કંચનબેન મનોજભાઈ રાણાને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,બનાવ તા.૧૭/૧/૨૧ ના રોજ બનેલ હતો.તેઓના દીયર અલ્પેશભાઈ મને મુકવા માટે તેમની મોટર સાયકલ લઈને તેઓના ઘરે આવેલ હતા.જે તેમને મુકીને જતા તેમના દીયર ગલ્લા ઉપર ઉભા હતા તે સમયે કીરણભાઇ, કૃણાલભાઈ અને કૌશીકભાઈ તથા ધુળાભાઈનાઓ તેઓના દીયરની સાથે બોલાચાલી થયેલી હતી અને તેઓના દીયરને કીરણભાઈએ માથાના ભાગે ઈંટ મારી દીધેલ અને તેઓના દીયરને આ લોકોએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી અને તેઓના દીયરને બીભત્સ ગાળો બોલેલી હતી.બનાવની ફરીયાદ તેમના દીયરે ઈડર પોલીસ સ્ટેશન ખાતે આપેલી હતી. જે ફરીયાદ લગત પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે.

તેમજ સદર સાહેદની બચાવપપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવના દિવસે તેઓની સાંકરીયા સોસાયટી થી આવતી હતી. અલ્પેશભાઇએ તેમને ઇડર ટાવર પાસેથી બેસાડેલી હતી. બનાવ સમયે તેઓના પતિ તથા તેઓના બાળકો ઘરની અંદર હતા. એ વાત ખરી છે કે, હુ બનાવના સમયે ઘરની અંદર ગયેલી હતી અને બુમાબુમ સાંભળીને બહાર આવેલી હતી. એ વાત ખરી છે કે, હુ બહાર નીકળી તે સમયે મારો દીકરો પણ બહાર આવેલ હતો. બનાવના દીવસે પોલીસ મને મળેલી હતી. મને મારા પોલીસ રુબરુનુ નીવેદન બતાવવામાં આવે છે જે જોઈ ને કહુ

છુ કે, મને ચશ્મા વગર દેખાતુ નથી. એ વાત ખરી છે કે, મારા ઘરથી બનાવ વાળી જગ્યાએ આશરે ૧૦૦ મીટર જેટલી દુર છે. એ વાત ખરી છે કે, મારા મકાન અને બનાવવાળી જગ્યાની વચ્ચે મકાનો આવેલ છે. એ વાત ખરી છે કે, મારા મકાનની બાજુમાં મુકેશભાઈ સનાભાઈ ભોઇ, હસમુખભાઈ કાંતીભાઈ ભોઈ તથા કનુભાઈ ગંગારામ ભોઈના મકાનો આવેલ છે. એ વાત ખરી છે કે, બનાવના દીવસે સતિષભાઈ કનુભાઈ ભોઈના ઘરે લગ્ન પ્રસંગ હતો અને તે દીવસે સાંજે ત્યા જમણવાર પણ રાખેલ હતો. એ વાત ખરી છે કે, બનાવના દીવસે લગ્ન પ્રસંગ હોવાથી ઘણાબધા માણસો ભેગા થઈ ગયેલ હતા. બનાવવાળી જગ્યાએ ગીતાબેન જગદીશભાઈ ભોઈનો ગલ્લો આવેલ છે. એ વાત ખરી છે કે, બનાવના દીવસે ગલ્લો ચાલુ હતો. એ વાત ખરી છે કે, બનાવના સમયે તે જગ્યાએ ગ્રાહકોની અવરજવર ચાલુ હતી. એ વાતની મને ખબર નથી કે, બનાવના સમયે અલ્પેશભાઈ તથા તેના ભાઈ કલ્પેશભાઈ અને પીયુષભાઈએ આરોપી કીરણ ભાઈ ઉપર તલવારથી હુમલો કરેલો. એ વાતની મને ખબર નથી કે, જે અંગેની ફરીયાદી કીરણભાઈએ તેઓના ઉપર કરેલી કે કેમ? મે મારી સરતપાસ માં જણાવેલ ધુળાભાઈ નામ જે જણાવેલ છે તે વ્યકિતને હુ બરોબર ઓળખતા નથી. એ વાતની મને ખબર નથી કે, આ ધુળાભાઈ કયા રહે છે અને શુ ધંધો કરે છે અને તેમના પીતાજીનુ નામ શુ છે તેની મને ખબર નથી. મે મારી સરતપાસમાં જણાવેલ નામો અલ્પેશભાઈના કહેવાથી લખાવેલ હતા. એ વાત ખરી છે કે, અલ્પેશભાઈની ઉપર દારુ તથા જુગારના ઘણા કેસો થયેલ છે તેની મને ખબર છે. એ વાતની મને ખબર નથી કે, અલ્પેશભાઈની ઉપર થયેલા કેસો ચાલુ છે કે કેમ? બુમાબુમ થતા હુ ઘર ની બહાર નીકળીને જોયેલ તો અલ્પેશભાઈનાઓ લોહીલુહાણ હાલતમાં હતા

અને તેઓના કપડા લોહીવાળા થયેલ હતા અને જમીન ઉપર લોહી પડેલ હતુ. એ વાત ખરી છે કે, બનાવ સમયે સ્થળ ઉપર ૪૦ થી ૫૦ માણસો ભેગા થઈ ગયેલ હતા.

**(૧૨)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૫ થી સાહેદ પીયુષભાઇ અમૃતભાઇ ભીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,ગઇ તા.૧૭/૧/૨૧ ના રોજ તેઓ તેઓના ઘરે હાજર હતા ત્યારે બાબુભાઇનો ફોન આવેલ અને કહેલ કે, તમારા ભાઇ અલ્પેશને ઈજા થયેલ છે. જેથી તેઓ ત્યાં જઇને જોયુ તો તેઓના ભત્રીજા રોહન તથા ભાવેશ અલ્પેશને મોટર સાયકલ ઉપર દવાખાને લઈ ગયેલા હતા. કોણે મારેલુ તેની તેમને ખબર નથી. પોલીસે તેઓનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે. વધુમાં, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમજ સદર સાહેદની બચાવપક્ષ તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૧૩)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪૯ થી સાહેદ પપ્પુભાઇ અમૃતભાઇ ભીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, તેઓ આ કામના તમામ આરોપીઓને જોયેથી ઓળખે છે.બનાવ આજથી આશરે ચાર પાંચ વર્ષ ઉપર રાત્રે સાડા નવ થી દસના સુમારે જોગણીમાતાના મંદિરની પાસે ભીલવાસમાં બનેલો. તેઓ તેમના ભાભી કંચનબેનને ઉતારવા માટે આવેલા. તેઓ તેમને ઉતારીને બાજુમાં ગલ્લા ઉપર માસાલો ખાવા માટે ઉભા રહેલા આ

કામના ચારેય આરોપીઓ કુલ દારુ પીધેલા હતા અને અપશબ્દો બોલવા લાગેલા. તેઓને માથામાં ઈંટ મારી દિધેલી. તેઓ પડી જતા તે લોકોએ તેમનુ બાઈક તોડી નાખેલુ. તેઓએ ઈડર સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી. આ બાબતે તેમના ભાઈએ ફરીયાદ આપેલી પોલીસે તેમનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે.

તેમજ સદર સાહેદની બચાવપપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, હુ ડ્રાઈવીંગ કામ કરુ છુ. કંચનબેન મારા ઘરેથી બેસેલા. મારુ ઘર બંગલા વિસ્તારમાં આવેલુ છે. એ વાત ખરી છે કે, મેં કંચનબેનને સાકરીયા સોસાયટીથી બેસાડેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએ તે વખતે રસ્તાનુ કામ ચાલતુ હતુ. સાહેદ જણાવેલ છે કે, મંદિરનુ કામ ચાલુ હતુ અને તેનો સામાન રોડ ઉપર પડેલ હતો. એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યાની નજીકમાં સતિષભાઈ કનુભાઈ ભોઈનુ મકાન આવેલ છે. એ વાત ખરી છે કે, બનાવ બન્યો તે સમયે સતિષભાઈના ઘરે લગ્ન પ્રસંગ હતો. એ વાત ખરી છે કે, તે દિવસે સાંજે ત્યા જમણવાર રાખેલ હતો. એ વાત ખરી છે કે, બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થયેલા હતા. એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યાની નજીકમાં મુકેશભાઈ શનાભાઈ ભોઈ, હસમુખભાઈ કાંતીભાઈ ભોઈ, કનુભાઈ ગંગારામ ભોઈના મકાન આવેલા છે. એ વાત ખરી છે કે, મારા ઉપર કુણાલભાઈ કોશિકભાઈ અને કિરણભાઈએ ઉપર તલવાર થી હુમલો કરવા બાબતની ફરીયાદ થયેલ છે. સાહેદ જણાવે છે કે, ખોટી ફરીયાદ થયેલ છે.

(૧૪).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૫૦ થી સાહેદ રોહન મનોજભાઈ ભીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓ

પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, બનાવ આજથી ચાર પાંચ વરસ પહેલા નવ સાડા દસની આસપાસ મોટા રામદવાર ભીલવાસમાં બનેલો. પપ્પુભાઈ કંચનબેનને મુકવા માટે ઘરે આવેલા હતા મુકીને તેઓ પાનની દુકાન ઉપર મસાલો ખાવા ગયેલા,તે વખતે આ કામના આરોપીઓએ તેમને ગાળો કાઢેલી અને હાથ ચાલાકી કરેલી અને માથામાં ઈંટ મારેલી. લાકડી વડે હુમલો કરેલો અને ખરાબ ખરાબ ગાળો બોલેલી અને પપ્પુભાઈની બાઈક તોડી નાખેલી. પપ્પુભાઈને સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા. આ બાબતે કલ્પેશભાઈએ ફરીયાદ આપેલી પોલીસે મારો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે.

તેમજ સદર સાહેદની બચાવપપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, કંચનબેન મારા મમ્મી થાય છે. એ વાત ખરી છે કે, પપ્પુભાઈ મારા કાકા થાય છે. બનાવમાં વખતે હું લગ્ન પ્રસંગમાં હતો. આ લગ્ન પ્રસંગમાં સો દોઢસો માણસો ભેગા થયેલા. એ વાત ખરી નથી કે, બુમા બુમ થઈ એટલે હુ દોડીને ત્યા ગયેલો. સાહેદ જણાવે છે કે, મારી સામે જ થયેલ. એ વાત ખરી છે કે, બનાવ સમયે બીજા માણસો આવી ગયેલા. એ વાત ખરી છે કે, હુ પહોચ્યો ત્યારે પપ્પુભાઈ નીચે પડેલા હતા અને માથામાં લોહી નિકળતુ હતુ. એ વાત ખરી નથી કે આજુબાજુના માણસો આવીને તેમને લઈ ગયેલા. સાહેદ જણાવે છે કે, અમે જ લઈ ગયેલા. મારો જવાબ એક બે દિવસ પછી થયેલ હોવાનુ જણાવેલ છે.

**(૧૫)..** આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક-૫૧ થી સાહેદ ભાવેશકુમાર રાજુભાઈ ભીલને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, બનાવ આજથી ચાર

વરસ પહેલા સાડા નવની આસપાસ ભીલવાસમાં બનેલો. પપ્પુભાઇ કંચનબેનને મુકવા માટે ઘરે આવેલા હતા, તે વખતે આરોપીઓ દારૂ પીધેલા ઉભા હતા તેમણે પપ્પુભાઇને અપશબ્દો બોલેલા, કીરણભાઇએ પપ્પુભાઇને માથામાં ઇંટ મારેલી. પપ્પુભાઇને સારવાર માટે ઇડર સીવીલ હોસ્પીટલમાં લઇ ગયેલા આ બાબતે કલ્પેશભાઇએ ફરીયાદ આપેલી. પોલીસે તેમનો જવાબ લીધેલ હોવાનુ જણાવેલ છે.

તેમજ સદર સાહેદની બચાવપપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે,એ વાત ખરી છે કે, ભોઈ વાસ અને ભીલ વાસ બંને અલગ અલગ છે. બનાવવાળી જગ્યાએ થી મારુ મકાન ૨૦૦ ફુટ દુર છે. બનાવવાળી જગ્યા અને મારા ઘર વચ્ચે કાળુભાઈ નાનજીભાઈ ભીલનુ મકાન છે અને જોગણી માતાનુ મંદિર છે. મને મારુ પોલીસ રુબરુનુ નિવેદન બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, એ વાત ખરી નથી કે મેં મારા પોલીસ જવાબ માં એવુ લખાવેલ કે અમો અમારા ઘરે જ હતા. મને મારુ પોલીસ રુબરુનુ નિવેદન બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે એ વાત ખરી નથી કે મેં મારા પોલીસ જવાબ માં એવુ લખાવેલ નથી કે આરોપીઓ દારુ પીધેલા ઉભા હતા. એ વાત ખરી નથી કે બુમાબુમ થતા હુ બનાવ વાળી જગ્યાએ ગયેલો. સાહેદ જણાવે છે કે હુ ત્યાજ હતો. એ વાત ખરી છે કે, બનાવ સમયે આજુબાજુમાંથી ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી નથી કે હુ બનાવ વાળી જગ્યાએ પહોચયો તયારે પપ્પુભાઈ લોહી લુહાણ હાલતમાં પડેલા હતા. સાહેદ જણાવે છે કે મારી હાજરીમાં જ બનાવ બનેલ છે. પપ્પુભાઈ મારે કાંય થતા નથી. સમાજના લીધે કાકા થાય. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાને અડીને પાનનો ગલ્લો આવેલો છે. એ વાત ખરી છે કે

બનાવ સમયે લગ્ન પ્રસંગ હોય પાનના ગલ્લે ગ્રહાકી હતી. એ વાત ખરી છે કે પપ્પુભાઈને વાગેલ તે વખતે માણસો ત્યા આવી ગયેલ હોવાનુ જણાવેલ છે.

(૧૬).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક–૫૯ થી ત.ક.અ. હિરણસિંહ જગતસિંહ રહેવરને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે,ગઈ તા.૧૮/૧/૨૧ ના રોજ તેઓ ઈડર પોલીસ સ્ટેશનમાં હે.કો.તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ઈડર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૯/૨૦૨૧ના કામની તપાસ તેમને સુપ્રત થતા તે તેઓએ સંભાળી લીધેલી.તપાસ સંભાણ્યા બાદ સૌપ્રથમ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ.સદર જગ્યા ઈડર મુકામે રામદવારા ભીલવાસ ઘાંટી રોડ પાસે આવેલ હોય સદર જગ્યા આ કામના ફરીયાદી બતાવતા હોય પંચોની હાજરીમાં વિગતવારનુ પંચનામુ કરેલ.જયાં એક મોટર સાયકલ હીરો હોન્ડા કંપનીનુ સ્પેન્ડર જેની આગળની નંબર પ્લેટ તથા આગળનો ટોપો, મીટર, હેડલાઈટ, તથા સાઈડ લાઈટ તુટી ગયેલ અને આગળનો ટાયરનો પંખો પણ તુટી ગયેલ સદર મોટરસાયકલની પેટ્રોલની ટાંકી ઉપર ગોબા પડી ગયા હતા આ મોટરસાયકલનો નંબર જી.જે.૨૭ એ.એસ.૨૨૭૩નો હતો. જેની પાછળની બ્રેક લાઈટ અને સાઈડ લાઈટ તુટી ગયેલ હતી આ બાબતનુ પંચનામુ પંચોની રુબરુમાં કરેલ. ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા.જેમાં તેઓએ પીયુષભાઇ અમૃતભાઈ ભીલનાઓનુ નિવેદન લીધેલ તેણે તેઓની રુબરુના નિવેદનમાં એવી હકિકત લખાવેલ છે કે,'મારા ભાઈ અલ્પેશભાઈને ભોઈવાળાના કિરણભાઈ, કુણાલ કોશિકભાઈ, ધુળાભાઈનોઓએ માથાના પાછળના ભાગે કિરણે ઈંટ મારેલી અને ચારચેય જણા બિભત્સ ગાળો બોલી જાનથી મારી

નાખવાની ધમકી આપી મારા ભાઈની મોટર સાયકલને ઇંટો તથા પથ્થરો વડે મારીને નુકસાન કરેલુ. ઇજાપામનાર અલ્પેશ ઉર્ફે પપ્પુ અમૃતભાઇ ભીલ નાઓએ સીવીલ હોસ્પીટલ ઇડર ખાતે સારવાર કરાવેલ હોય તેવી હકીકત જણાવેલ હોય તેઓનુ સારવાર સર્ટીફીકેટ મેળવવા લેખીતમાં અરજી આપેલ. ત્યારબાદ સમગ્ર પુરાવાનો અભ્યાસ કરતાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોય તેઓએ તા.૮/૪/૨૧ ના રોજ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે.

તેમજ સદર સાહેદની બચાવપપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ મકાનો અને દુકાનો આવેલી છે. એ વાત ખરી છે કે, મે કોઈ મકાન કે દુકાનવાળા વ્યકિતના નિવેદન લીધેલા નથી. એ વાત ખરી છે કે, મે મારી તપાસ દરમ્યાન ફરીયાદ વંચાણે લીધેલી. એ વાત ખરી છે કે, ફરીયાદીએ ફરીયાદમા આરોપીઓએ ઘર પર પથ્થર મારો કરેલ હોય કે બાઈક સળગાવી દીધેલ હોય કે તોડફોડ કરેલ હોય તેવી કોઈ હકીકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદીને બનાવની જાણ બાબુભાઈએ ફોન પર કરેલી. એ વાત ખરી છે કે, આ કામે બાબુભાઈનુ કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન ધુળાભાઈ નામની વ્યકિત બનાવ સમયે હાજર હોવાની હકીકત ખુલેલી. એ વાત ખરી છે કે, આ ધુળાભાઈ કોણ છે કયા રહે છે તે અંગેની મે કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી છે કે, મોહનભાઈ મનોજભાઈ ભીલ નાઓએ તેમના નિવેદનમા બનાવ અરસામા તેઓ તેમના ઘરે હતા તેવી હકીકત લખાવેલી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાએથી કે આરોપીઓ પાસેથી ઇંટ કે કોઈ ગુનાહીત હથીયાર કબજે લીધેલ નથી. એ

વાત ખરી છે કે, ઈજા પામનારે સીવીલ હોસ્પીટલ, ઈડરમા સારવાર કરાવેલ હોય તેવો કોઈ પુરાવો મારી તપાસમા મળી આવેલ નથી.

**:: પુરાવાનુ મુલ્યાંકન ::**

(૧૭).. ઉપરોકત તમામ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદી કલ્પેશભાઇ અમૃતભાઇ ભીલના પુરાવામાં પોતે જણાવે છે કે, બનાવમાં તેઓ અલ્પેશ ભાઈ ઉર્ફે પપ્પુ અમૃતભાઈ ભીલનાઓને જોગણી માતાના મંદીર પાસે કંચનબેન મનોજભાઈના ઘર પાસે કીરણભાઈ પુજાભાઈ ભોઈનાઓએ પાણીની બોટલ છુટી મારેલી અને ત્યારબાદ માથાના ભાગે ઈંટ મારેલી. ત્યારબાદ અલ્પેશભાઈને તેઓના ભત્રીજો રોહનભાઈ તથા ભાવેશભાઈ સારવાર અર્થે દવાખાને લઈ ગયેલા. ત્યારબાદ ધુળાભાઈ, કુણાલભાઈ પુજાભાઈ ભોઇ, કૌશીકભાઈ તથા કીરણભાઈ પુજાભાઈ ભોઈ વિગેરે નાઓએ તેઓના ઘર ઉપર પથ્થર મારો કરેલો તથા બનાવ સ્થળે તેઓના ભાઈએ અલ્પેશભાઈની બાઈક પડેલ હતી તેને પણ સળગાવી નાખેલ તથા તેઓના ઘરમાં રહેલા વાસણો તથા ઘરવખરીને તોડફોડ કરીને નુકશાન કરેલુ તથા આ કામના આરોપીઓ તેઓને તથા તેમના પરીવારના સભ્યોને બીભત્સ ગાળો બોલેલ હોવાનુ અને સદર સાહેદે તેઓની ઉલટતપાસમાં સ્વીકારેલુ કે, જોગણી માતાના મંદીરની બાજુમાં ઘણાબધા મકાન આવેલા છે તેમજ બનાવના સમયે હુ મારા ઘરે જમવા બેસેલ હતો તે વખતે મારા ઉપર મોબાઈલ ઉપર બાબુભાઈ સુરેન્દ્રસીહ ભીલ નાએ બનાવ અંગેના સમાચાર આપેલ હતા અને બાબુભાઈ ભીલનુ મકાન જોગણી માતાના મંદીર પાસે આવેલ છે અને બાબુભાઈ ભીલનો મારા ઉપર ફોન આવતા હુ બનાવ વાળી જગ્યા એ ગયેલ અને મારા ભાઈને બાઈક ઉપર બેસાડીને દવાખાને લઈ ગયેલ હતો. આ

સિવાય તમામ સૂચનોનો ઈન્કાર કરેલ છે. તેથી આ ફરિયાદી બનાવમાં બનેલ હકીકતો જણાવે છે. ફરિયાદી ઈજા પામનારને જે ઈજા થયેલ તે બાબતે જણાવેલ છે અને આ ઈજાઓ હાલના કામના આરોપીઓએ કરેલ છે તે પણ રેકોર્ડ પર આવે છે. ઉલટ તપાસમાં એવી કોઈ હહકીકત રેકોર્ડ પર આવતી નથી જે દર્શાવે કે બનાવમાં ઈજા પામનાર ને ઈજા થયેલ નથી. વધુમાં ફરીયાદીએ તેઓની ફરીયાદની હકીકતમાં જણાવેલ નથી કે, ધુળાભાઇ, કુણાલભાઈ પુજાભાઈ ભોઇ, કૌશીકભાઈ તથા કીરણભાઈ પુજાભાઈ ભોઈ વિગેરે નાઓએ તેઓના ઘર ઉપર પથ્થર મારો કરેલો તથા બનાવ સ્થળે તેઓના ભાઈએ અલ્પેશભાઈની બાઈક પડેલ હતી તેને પણ સળગાવી નાખેલ તથા તેઓના ઘરમાં રહેલા વાસણો તથા ઘરવખરીને તોડફોડ કરીને નુકશાન કરેલ.

**(૧૭.૧)..** ફરિયાદી બનાવ સ્થળે બનાવ બાદ પહોંચેલ હોય તેથી આ અંગે ની ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૬ ની કલમ ધ્યાને લેવી જરૂરી બને છે.

***6. Relevancy of facts forming part of same transaction.—Facts which, though not in issue, are so connected with a fact in issue as to form part of the same transaction, are relevant, whether they occurred at the same time and place or at different times and places.***

વધુમાં, આ ફરિયાદી ઈજા પામનારને તેઓની બાઇક ઉપર બેસાડીને સારવાર માટે પણ હાલના ઈજા પામનારને લઈ ગયેલ તેથી બનાવ બાદ ફરિયાદી બનાવ સ્થળે પહોંચેલ હોય તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬ મુજબ આ ફરિયાદી નો પુરાવો પ્રસ્તુત બને છે અને ફરિયાદ પક્ષ ને મદદરૂપ બને છે.

**(૧૮)..** આ કામે પંચ સાહેદ નરેશકુમાર હમીરજી ભીલ, પંચ સાહેદ ભરતભાઇ પ્રહલાદભાઇ ભીલનાઓ પંચો હોય પંચનામાંની વિગતોને સમર્થન કરતાં નથી.

**(૧૯)..** આ કામે સાહેદ મનોજભાઇ ઈશ્વરભાઈ ભીલનાઓને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, સદર સાહેદ તેઓની સરતપાસમાં ફરીયાદ હકીકત મુજબની હકીકતો જણાવેલ છે પરંતુ ઉલટતપાસમાં બનાવના સમયે તેઓ તથા તેઓની પત્ની બન્ને જણા ઘરની અંદર હતા અને બુમાબુમ થતાં તેઓ બન્ને ઘરની બહાર આવેલા અને તેઓ ઘરની બહાર નીકળ્યા ત્યારે તેઓનો દિકરો રોહન અલ્પેશને લઈને જતા રહેલ હોવાનુ જણાવેલ છે અને આ સાહેદ બનાવમાં બનેલ હકીકતો જણાવે છે. ફરિયાદી ઈજા પામનારને જે ઈજા થયેલ તે બાબતે જણાવેલ છે અને આ ઈજાઓ હાલના કામના આરોપીઓએ કરેલ છે તે પણ રેકોર્ડ પર આવે છે. ઉલટ તપાસમાં એવી કોઈ હહકીકત રેકોર્ડ પર આવતી નથી જે દર્શાવે કે બનાવમાં ઈજા પામનાર ને ઈજા થયેલ નથી અને અગાઉ ચર્ચા કરી તેમ સાહેદ બનાવ સ્થળે બનાવ બાદ પહોંચેલ છે. વધુમાં, તેઓનો બાબો રોશન અને ભાવેશભાઈ ઈજા પામનારને સારવાર માટે પણ હાલના ઈજા પામનારને લઈ ગયેલ તેથી બનાવ બાદ સાહેદ બનાવ સ્થળે પહોંચેલ હોય તેથી ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૬ મુજબ આ સાહેદનો પુરાવો પ્રસ્તુત બને છે અને બનાવ બનેલ તે હકીકતને સમર્થન મળે છે.

**(૨૦)..** આ કામે સાહેદ કંચનબેન મનોજભાઇ રાણાનાઓને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, બનાવના દિવસે તેઓના દીયર અલ્પેશભાઈ મને મુકવા માટે તેમની મોટર સાયકલ

લઈને તેઓના ઘરે આવેલ હતા.જે તેમને મુકીને જતા તેમના દીયર ગલ્લા ઉપર ઉભા હતા તે સમયે કીરણભાઇ, કૃણાલભાઈ અને કૌશીકભાઈ તથા ધુળાભાઈનાઓ તેઓના દીયરની સાથે બોલાચાલી થયેલી હતી અને તેઓના દીયરને કીરણભાઈએ માથાના ભાગે ઈંટ મારી દીધેલ અને તેઓના દીયરને આ લોકોએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી અને તેઓના દીયરને બીભત્સ ગાળો બોલેલી. ઉલટતપાસમાં આ સાહેદ સ્વીકારે છે કે,બનાવના દિવસે તેઓની સાંકરીયા સોસાયટીથી આવતી હતી. અલ્પેશભાઈએ તેમને ઈડર ટાવર પાસેથી બેસાડેલી હતી. બનાવ સમયે તેઓના પતિ તથા તેઓના બાળકો ઘરની અંદર હતા. હુ બનાવના સમયે ઘરની અંદર ગયેલી હતી અને બુમાબુમ સાંભળીને બહાર આવેલી હતી અને હુ બહાર નીકળી તે સમયે મારો દીકરો પણ બહાર આવેલ હતો. બનાવના દીવસે ગલ્લો ચાલુ હોય તે બાબતે ઉલટતપાસ કરેલી પરંતુ ઈજા આ બનાવમાં થયેલી નથી તેવુ બચાવપક્ષ પુરવાર કરી શકેલ નથી.

**(૨૧)..** આ કામે સાહેદ પિયુષભાઇ અમૃતભાઇ ભીલનાઓને તપાસવામાં આવેલ છે. સદર સાહેદનો પુરાવો ધ્યાને લઈએ તો, તેઓ બનાવ સમયે ઘરે હતા ત્યારે બાબુભાઈનો ફોન આવેલ અને ત્યાં જઈને જોયુ તો તેઓના ભત્રીજા રોહન તથા ભાવેશ અલ્પેશને મોટર સાયકલ ઉપર દવાખાને લઈ ગયેલા હતા. કોણે મારેલુ તેની તેમને ખબર નથી. વધુમાં, વિ.એ.પી.પીશ્રીની વિનંતીથી સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારક લેષમાત્ર પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેથી આ સાહેદે કોઈ હકીકત નજરો નજર જોયેલ ન હોય અને

સીધી પુરાવો ન હોય તે બાબત માનવા લાયક રહેતી નથી અને આ પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બનતો નથી.

**(૨૨)..** આ કામે ઈજાપામનાર સાહેદ પપ્પુભાઈ અમૃતભાઈ ભીલનાઓને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, બનાવ રાત્રે સાડા નવ થી દસના સુમારે જોગણીમાતાના મંદિરની પાસે ભીલવાસમાં બનેલો. તેઓ તેમના ભાભી કંચનબેનને ઉતારવા માટે આવેલા. તેઓ તેમને ઉતારીને બાજુમાં ગલ્લા ઉપર માસાલો ખાવા માટે ઉભા રહેલા આ કામના ચારેય આરોપીઓ કુલ દારુ પીધેલા હતા અને અપશબ્દો બોલવા લાગેલા. તેઓને માથામાં ઈટ મારી દિધેલી. તેઓ પડી જતા તે લોકોએ તેમનુ બાઈક તોડી નાખેલુ. તેઓએ ઈડર સીવીલ હોસ્પીટલમાં સારવાર કરાવેલી. વધુમાં, ફરીયાદીની ફરીયાદ તથા સાહેદ કંચનબેનન, સાહેદ રોહન ભીલનાઓનો પુરાવો જોવામાં આવે તો આરોપીઓએ પપ્પુભાઈને માથામાં ઈટો મારેલ અને લાકડી વડે હુમલો કરેલ હોવાનુ જણાવેલ છે અને ઈજાપામનાર/સાહેદને ઈજા થયેલી તે હકીકતને સમર્થન આપે છે. જયારે ઉલટતપાસમાં સ્વીકારે છે કે, બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થયેલા અને તેઓના ઉપર કૃણાલભાઈ કૌશીકભાઈ અને કિરણભાઈએ તલવારથી હુમલો કરવા બાબતની ફરીયાદ થયેલ છે તેમજ ઉલટતપાસમાં બચાવપક્ષ એવુ દર્શાવવામાં સદંતર નિષ્ફળ નિવડેલા છે કે,ઈજાપામનારને આ બનાવમાં કોઈ ઈજા થયેલી નથી. વધુમાં, આ સાહેદને ઈજા થયેલી તે અંગે તેઓએ ઈડર સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર માટે ગયેલા હોવાનુ જણાવેલ છે અને ત.ક.અમલદાર ધ્વારા સીવીલ હોસ્પીટલમાં સારવાર સર્ટીફીકેટ લેવામાં લેખીતમાં અરજી કરેલ જે આ કામે આંક-૬૫ થી રજુ કરવામાં આવેલ છે અને

ત.ક.અમલદારને હોસ્પીટલમાંથી મૌખિક જણાવવામાં આવેલ કે, કોરોનાનો ટાઇમ હોવાથી ઈજાપામનાર સારવાર લઇને જે તે સમયે નીકળી ગયેલ અને તેની નોંધ એમ.એલ.સી. રજીસ્ટરમાં કરવામાં આવેલ ન હોય તેવુ જણાવેલ હોય તેથી ઈજાપામનારનો પુરાવો ન માનવાનુ કારણ રહેતુ નથી અને અન્ય સાહેદોના પુરાવો જોતાં ઈજા થયેલ છે તે હકીકતને સમર્થન કરતાં હોય અને ઉલટતપાસમાં આવી ઈજા આ બનાવમાં થયેલ નથી તેવુ લાવવામાં બચાવપક્ષ તદ્દન નિષ્ફળ નિવડેલા છે.

**(૨૩)..** આ કામે સાહેદ રોહન મનોજભાઇ ભીલ તથા સાહેદ ભાવેશકુમાર રાજુભાઇ ભીલનાઓને તપાસવામાં આવેલ છે. જેઓ પોતાના પુરાવામાં જણાવે છે કે, પપ્પુભાઈ કંચનબેનને મુકવા માટે ઘરે આવેલા હતા મુકીને તેઓ પાનની દુકાન ઉપર મસાલો ખાવા ગયેલા,તે વખતે આરોપી ઓએ તેમને ગાળો કાઢેલી અને હાથચાલાકી કરેલી અને માથામાં ઈંટ મારેલી. લાકડી વડે હુમલો કરેલો અને ખરાબ ખરાબ ગાળો બોલેલી અને પપ્પુભાઈની બાઈક તોડી નાખેલી. પપ્પુભાઈને સીવીલ હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા હોવાનુ જણાવેલ છે અને ઉલટતપાસમાં સ્વીકારેલુ છે કે, બનાવ વખતે તેઓ લગ્ન પ્રસંગમાં હતા. બનાવ સમયે બીજા માણસો આવી ગયેલા. તેઓ પહોચ્યા ત્યારે પપ્પુભાઇ નીચે પડેલા હતા અને માથામાં લોહી નીકળતુ હતુ. તેથી આ સાહેદ અંશત: રીતે બનાવની હકીકતોને સમર્થન આપે છે પરંતુ કયાં આરોપીઓ ધ્વારા કઇ ઈજા કરવામાં આવેલી તે જણાવતાં નથી.

**(૨૪)..** આ કામે સાહેદ હિરણસિંહ જગતસિંહ રહેવર જેઓ કેસના ત.ક.અમલદાર હોય, તેઓએ સાહેદોના નિવેદનો લીધેલા અને પંચનામાં

કરેલા અને નિયમોનુસારની કામગીરી કરેલી તે સિવાય આ સાહેદના પુરાવામાં બનાવ બનેલ નથી તેવુ બચાવપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૨૫).. હાથ પરના કેસ અને હાલના તથ્યો ધ્યાને લેતાં,હાલના કામે ઈજાપામનારે તેમને આરોપીઓ ધ્વારા કરવામાં આવેલી ઈજાઓ અંગે ચોકકસ હકીકતો જણાવેલી અને કયા હથીયારથી ઈજાઓ કરવામાં આવેલી તે સ્પષ્ટપણે જણાવેલી છે. સાહેદો જણાવે છે કે, ઈજાપામનારને આરોપીઓ ધ્વારા ઇંટ મારેલી તેવી હકીકત સ્પષ્ટપણે જણાવે છે અને ઉપરોક્ત બાબતે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા *Darya Singh Vs. State of Punjab*, [AIR 1965 SC 328] માં કરેલ અવલોકન મહત્વનું છે જે નીચે મુજબ છે.

*"It is well-known that in villages where murders are committed as a result of factions existing in the village or in consequence of family feuds, independent villagers arc generally reluctant to give evidence because they are afraid that giving evidence might invite the wrath of the assailants and might expose them to very serious risks. It is quite true that it is the duty of a citizen to assist the prosecution by giving evidence and helping the administration of criminal law to bring the offender to book, but it would be wholly unrealistic to suggest that if the prosecution is not able to bring independent witnesses to the Court because they are afraid to give evidence, that itself should be treated as an infirmity in the prosecution case so as to justify the defence contention that the evidence actually adduced should be disbelieved on that ground alone without examining its merits."*

(૨૫.૧).. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા *Appabhai and Anr. Vs. State of Gujarat*, [1988 Supp (1) SCC 241] ના ચુકાદામાં નીચે મુજબ અવલોકન કરેલ છે.

*"Experience reminds us that civilized people are generally insensitive when a crime is committed even in their presence. They withdraw both from the victim and the vigilante. They keep themselves away from the Court unless*

*it is inevitable. They think that crime like civil dispute is between two individuals or parties and they should not involve themselves. This kind of apathy of the general public is indeed unfortunate, but it is there everywhere whether in village life, towns or cities. One cannot ignore this handicap with which the investigating agency has to discharge its duties. The Court, therefore, instead of doubting the prosecution case for want of independent witness must consider the broad spectrum of the prosecution version and then search for the nugget of truth with due regard to probability, if any, suggested by the accused."*

આમ, ઉપરોક્ત સિદ્ધાંતો સાથે ઉપરોક્ત સાહેદોની જુબાની જોતા ઈજાપામનાર/સાહેદ દ્વારા બનાવ અંગે કોઈ વિરોધાભાસી હકીકત જણાવવા માં આવેલ નથી તેમજ અન્ય સાહેદો પણ જણાવે છે કે, પપ્પુભાઇને માથાના ભાગે ઇંટ મારેલી તે હકીકતને સમર્થન આપે છે અને આ સાહેદોની જુબાની પણ ફરિયાદમાં જણાવેલ ફરીયાદમાં જણાવેલ ઈજા થયેલ હોવાની હકીકતને સમર્થન કરે છે.

**(૨૬)..** આ કામે તપાસવામાં આવેલ સાહેદો પોતાના પુરાવામાં આરોપીઓ ધ્વારા કરવામાં આવેલી ઈજા સ્પષ્ટપણે જણાવે છે.

આ કામે સાહેદ અને ઈજા પામનાર વ્યક્તિની જુબાનીના વિશ્લેષણ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટના *Balu Sudam Khalde Versus State Of Maharashtra* [2023 (0) AIR(SC) 1736] ના ચુકાદામાં નીચે મુજબ અવલોકનો કરેલ છે.

*When the evidence of an injured eye-witness is to be appreciated, the under-noted legal principles enunciated by the Courts are required to be kept in mind: (a) The presence of an injured eye-witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition. (b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused. (c) The evidence of injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly. (d) The evidence of injured*

*witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions. (e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence. (f)* ***The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded****.*
***[Emphasis supplied]***

ઉપરોક્ત નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ઈજા પામનાર વ્યક્તિનો પુરાવો સરળતાથી ખારીજ કરી શકાય નહિ. ઈજા પામનાર વ્યક્તિ પાસે ખોટી જુબાની આપવાનું સામાન્ય રીતે કોઈ કારણ હોતુ નથી.પરંતું તેની જુબાની પર અવિશ્વાસ કરવા માટે મહત્વની વિસંગતતા જુબાનીમાં દર્શાવવી પડે, સમય અને યાદશક્તિના લીધે આવેલ સામાન્ય વિસંગતતાઓ ધ્યાને લેવાય નહિ.

**(૨૭)..** વધુમાં,પંચ સાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો પંચ પંચનામાની વિગતોને સમર્થનકારી પુરાવો આપતા ન હોય તેથી આ પંચ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષ કેસને મદ્દરૂપ થતો નથી. પરંતુ પંચ સાહેદો ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપતા ન હોય તેટલામાત્ર કારણ થી સમગ્ર ફરીયાદપક્ષનો પુરાવો નિરર્થક અને વ્યર્થ છે તેવુ માની શકાય નહી. નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે સજનસિંહ ઉર્ફે રાજુ જગદીશ પવાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૪(૧) જી.એલ.આર. ૬૭૬ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, પંચના સાક્ષીએ ફરીયાદપક્ષના કેસને ટેકો આપેલ નહી તેટલા માત્રથી અને આવા કારણોસર ફરીયાદ ફગાવી શકાય નહી.

**(૨૭.૧)** હાલના કેસના પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા હોય તેના કારણે કેસની હકીકત પુરવાર થતી નથી. પરંતુ જો પંચો પંચનામાની દરેક હકીકતો મુજબ પુરાવો ન આપે તો શું ફરીયાદપક્ષનો સમગ્ર કેસ ફેંકી દઈ

શકાય ? અને શું આવા કેસનો નિર્ણય પંચોની જુબાનીના આધારે કરી શકાય ? આજના સમયમાં કોઈપણ વ્યકિત પોલીસના કે કોર્ટ કચેરીના ધક્કાથી બચવા માટે કુંટુંબના સગા કે સભ્ય બનાવમાં ભોગ બનેલ હોય તો પણ તેને સમર્થનકારી જુબાની આપવા તૈયાર થતા ન હોય ત્યારે પંચો પંચનામાની પ્રકીકતનો ઈન્કાર કરે તેટલા માત્ર કારણ થી અન્ય સાહેદોના પુરાવાને નજર અં દાજ કરી શકાય નહી અને ફરીયાદી તરફે પંચો અને સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેથી ફરીયાદીનો સમગ્ર કેસ નીષ્ફળ જતો નથી.

(૨૮).. આ કામના આરોપી ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪ મુજબનો ઈજા પામનારને ઈજા પહોચાડવાનું તહોમત ફરમાવેલ છે, જે સબંધિત નીચે મુજબની જોગવાઇઓ છે.

**324. Voluntarily causing hurt by dangerous weapons or means.**

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

ઉપરોક્ત જોગવાઈઓ ધ્યાને લેતા, જ્યારે કોઈ વ્યક્તિને તેવા હથિયારથી સ્વેચ્છાએ સાદી ઈજા (Hurt) પહોંચાડવામાં આવેલ હોય ત્યારે કલમ–૩૨૪ મુજબનો ગુનો બને છે.આરોપીઓ દ્વારા ઈજા પામનાર ઉપર ઇંટ વડે હુમલો કરી માથામાં ઈજા કરેલી હોય ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪ નો ગુનો કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે અને આરોપીઓ બનાવ સમયે હાજર હોય એકબીજાને મદદ કરેલ હોય તેવો પુરાવો ફરીયાદ

પક્ષ રેકર્ડ ઉપર લાવેલ હોય, તેથી ઇ.પી.કો.કલમ–૧૧૪ મુજબનો ગુન્હો પુરવાર થાય છે.

(૨૯).. વધુમાં ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનો આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ રજુ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદપક્ષે કોઈ પણ સાહેદોના પુરાવામાં કયા શબ્દો બોલવામાં આવેલ જેનાથી જાહેર શાંતિ ભંગ થયેલ તે બાબતે કોઈ પુરાવો નથી જેથી આ કલમ બાબતે લેશમાત્ર પુરાવો રજુ રાખેલ ન હોઇ આ ગુના હેઠળ આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ તબકકે આ કામે આરોપીઓ સામે કલમ–૫૦૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય તે કયારે માની શકાય તે સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ચુકાદા **CRIMINAL APPEAL NO. 141 OF 2015 [Arising out of S.L.P. (Crl.) No. 6449 of 2014)MANIK TANEJA & ANR. vs. STATE OF KARNATKA & ANR. Decided Dt.20th January, 2015** તથા નામદાર ગુજરાત વડી અદાલતના ***"પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત" ૨૦૦૭(૧) જી.એલ.આર. પાન નં.૩૩૭*** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં કલમ–૫૦૪ અંતર્ગત આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટે જે પ્રકારનો પુરાવો આવશ્યક છે તે ફરીયાદપક્ષ રેકર્ડ પર વાજબી રીતે પુરો પાડતા નથી.

(૩૦).. ફરિયાદપક્ષે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદીપક્ષે આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનો આક્ષેપ છે તથા ગાળો બોલવાનો આક્ષેપ છે.કલમ–૫૦૬(૨)જોવામાં આવે તો તેમાં એવું જણાવેલ છે કે,"કોઇપણ વ્યકતિ ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બે માંથી

કોઇપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે. જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા અથવા આગથી કોઇ મિલ્કત નાશ કરવાની હોય અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર્યહિનનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઇપણ પ્રકારની કેદની અથવા દંડ અથવા બંન્ને સજા કરવામાં આવશે." ઉપરોકત જોગવાઇની સાથે નામદાર ગુજરાત હાઇકોર્ટનો ૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭– પ્રવિણ બેચરભાઇ વણકર અને બીજાઓ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, "ભારતિય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) નો ગુનો સાબિત કરવા આરોપી દ્વારા વપરાયેલ અસલ શબ્દો રેકર્ડ પર આવવા જોઇએ. જો તે રેકર્ડ પર આવે નહી તો સદર ગુનો આચરવામાં આવેલ છે તેવું કહી શકાય નહી. અપમાનીય વ્યકતિને જાહેરશાંતિનો ભંગ અથવા અન્ય ગુનો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઇએ તેમજ કલમ–૫૦૬(૨)માં મૃત્યુ અથવા તો ગંભીર વ્યથા પહોંચાડવાની અપાયેલ ધમકીના કારણે ફરીયાદી, સાહેદોને ભયની ઘંટડી બજતી હોય તેવું લાગવું જોઇએ અને તેના મનમાં ગભરાટ ઉભુ કરતું હોવું જોઇએ. વધુમાં આવી ધમકીના કારણે ફરિયાદી ફરિયાદ નોંધાવ્યા પછી કોઇપણ સમયે પોતાની ફરજ અદા કરવા માટે અશકતિમાન થયેલ હોવા જોઇએ. જો આવો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય તો આ કલમ અન્વયે ગુનો સાબિત થતો નથી. આમ, ઉપરોક્ત સિદ્ધાંતો જોતા ફરિયાદી ફરિયાદ નોંધાવ્યા પછી કોઇપણ સમયે પોતાની ફરજ અદા

કરવા માટે અશકતિમાન થયેલ હોવા જોઇએ તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય કલમ–૫૦૬(૨)નો ગુનો શંકાથી પર પુરવાર થયેલ નથી.

**(૩૧)..** આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તથા રેકર્ડ પરના સમગ્ર પુરાવો, બંને પક્ષોની રજુઆતો, કેસની હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓએ એકબીજાની મદદગારીથી ઈજા પામનાર પપ્પુભાઇ અમૃતભાઈ ભીલને ઇંટ માથાના ભાગે મારી ઈજા કરી ઇ.પી.કો કલમ– ૩૨૪, ૧૧૪ મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાનુ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. પરંતુ ઈપીકો કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબનો ગુનો આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ હોય તેવુ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલા હોય, તેથી મુદ્દા નં.૧નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ–૨૪૮(૨) અન્વયે આ કામના આરોપીઓ (૧) કિરણભાઇ પુંજાભાઇ ભોઇ, (૨) કૌશીકભાઇ કનુભાઇ ભોઇ તથા (૩) કૃણાલ પુંજાભાઇ ભોઇનાઓને ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૨૪,૧૧૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે

(૨) ફોજદારી કાર્યરીતિ સંહિતા,૧૯૭૩ની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપીઓ (૧) કિરણભાઇ પુંજાભાઇ ભોઇ, (૨) કૌશીકભાઇ કનુભાઇ ભોઇ તથા (૩) કૃણાલ પુંજાભાઇ ભોઇનાઓને ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબના

ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓને સજા અંગે સાંભળવા ચુકાદો મુલતવી.

આ હુકમ આજરોજ, તા.૨૯ મી, માહે: જુલાઈ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઈડર
તા.૨૯/૦૭/૨૦૨૬

**(ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જયુડી. મેજી.મુ.ઈડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

**<u>ફોજદારી કેસ નં–૨૯૭૩/૨૦૨૧ ના તા.૨૯/૦૭/૨૦૨૬ના ચુકાદાનું સંધાણ</u>**

(૧) વિ.એ.પી.પી.શ્રી રજુઆત કરી જણાવે છે કે, આ કામે આરોપીઓ સામે કેસ પુરવાર થયેલ હોય કાયદા મુજબ સખ્તમાં સખ્ત સજા કરવા વિનંતી કરેલ છે.

(૨) આરોપીઓના વિ.વકીલશ્રીને સાંભળ્યા. આરોપીઓ તરફે આરોપીઓને પ્રોબેશન ઉપર મુક્ત કરવા માટે વિનંતી કરેલ છે. બચાવપક્ષે દલીલ કરવામાં આવેલ છે કે આરોપીઓ બાળ બચ્ચાવાળા તેમજ ઘરમાં કમાનાર વ્યક્તિ હોય અને કુટુંબની જવાબદારી હોય ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

(૩) બન્ને પક્ષોની દલીલોને ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ છે કે, કાયદામાં શિક્ષાત્મક વિચારસરણીઓમાંથી એક વિચાર સરણી સુધારાત્મક વિચારસરણી પણ અસ્તિત્વમાં વે. સુધારાત્મક વિચારસરણીનો હેતુ જયારે સમાજમાં કેટલાક ગુનાઓ આવેશ અને લાગણીઓના આવેગોને કારણે

પોતાના પરના કાબુ ગુમાવવાના કારણે બનતા હોય છે એવા સંજોગોમાં જયાં આરોપીઓનો ગુન્હાહીત ઈરાદો હોતો નથી. એવા કેસોમાં સુધારાત્મક વિચારસરણી હેઠળ લાભ આપી, આરોપીઓને કાયમી અને રીઢા ગુનેગાર બનતા અટકાવવાનો કાયદાનો હેતુ છે. આ ઉપરાંત, ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં આરોપીઓના બચાવ તેમજ સજાની જોગવાઇને ધ્યાને લેતાં, ઇ.પી.કો.કલમ–૩૨૪, ૧૧૪ મુજબ મહત્તમ સજા ૩(ત્રણ) વર્ષ સુધીની છે.

જેથી ઉપરોકત તમામ કાયદાકીય સિધ્ધાંતોને ધ્યાને રાખી હાલના કેસમાં રેકર્ડ ધ્યાને લેતાં આરોપીના વિ.વ.શ્રી તરફે રજુ થયેલ દલીલો ધ્યાને લેતાં, આરોપીઓ ઉપર તેઓના કુટુંબની જવાબદારી હોય અને આરોપીઓ કોઇ ગુનાહીત ઈતીહાસ ધરાવતા ન હોય તથા આરોપીઓ સામે ઇ.પી.કો.કલમ–૩૨૪, ૧૧૪ મુજબનો ગુનો પુરવાર થયેલ હોય તેની સજાની જોગવાઇ ધ્યાને લેતાં આરોપીઓને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ હેઠળ લાભ આપવો ન્યાયોચીત જણાય છે.

(૪) પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો, આ કાયદાની કલમ–૪ મુજબ અદાલત આરોપીઓને પ્રોબેશન ઉપર મુકત કરી શકે છે. આરોપીઓને કાયદાની કલમ–૪ ની જોગવાઇ મુજબ પ્રોબેશન ઉપર મુકત કરવાનો નિર્ણય અદાલતની વિવેકબુધ્ધિને આધિન છે. આરોપીઓને આ જોગવાઇ મુજબ પ્રોબેશન ઉપર મુકત કરવા સબંધે નિર્ણય લેવા અદાલતે કેસના સંજોગો તથા ગુનાનો પ્રકાર જોવો જોઇએ તથા આરોપીઓ સામે અન્ય કોઇ ગુનો નોંધાયેલ છે કે કેમ તેમજ અન્ય ગુનામાં સજા થયેલ છે કે કેમ તે પણ ધ્યાને લેવુ જોઇએ. સદર કામે રેકર્ડ જોતાં આરોપીઓ સામે અન્ય કોઇ ગુના નોંધાયેલ કે અન્ય કોઇ ગુનામાં સજા થયેલ

હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આરોપીઓ ગુનાની ટેવવાળા હોવાનું જણાતુ નથી. આમ, આરોપીઓ તરફે કરવામાં આવેલ રજુઆત તથા આરોપીઓનો ઇતિહાસ ધ્યાને લેતાં, આરોપીઓને પ્રોબેશન ઉપર મુકત કરવાનું ઉચીત જણાય છે.

(૫) આ કાયદાની કલમ–૪ ની જોગવાઇ ધ્યાને લેતાં પ્રોબેશન ઉપર મુકત કરતા સમયે અદાલત આરોપીઓને પ્રોબેશન ઓફીસરના નિરક્ષણ હેઠળ રાખવાની શરત રાખી શકે છે અને તે સિવાયની શરતો ફરમાવી શકે છે. હાલના કેસમાં પ્રોબેશન ઓફીસરનો રીપોર્ટ ઉપલબ્ધ ના હોય આરોપીઓને પ્રોબેશન ઓફીસરના નિરક્ષણ હેઠળ રાખવો ઉચીત જણાય છે.

આમ, અદાલત એવા તારણ ઉપર આવે છે કે, આરોપીઓને પ્રોબેશન ઉપર મુકત કરવા ઇચ્છનીય જણાય ત્યારે આરોપીઓને તે સમયે કોઇ સજા જાહેર કરવાની રહેતી નથી, પરંતુ આરોપીઓને શરતોને આધિન પ્રોબેશન ઉપર મુકત કરી અને શરતોનો ભંગ થયેથી આરોપીઓને સજા માટે આ અદાલત સમક્ષ હાજર રહે તે માટે આરોપીઓ પાસેથી સારી વર્તણુંક અને હાજરી માટેના સધ્ધર જામીન તથા જાત મુચરકો રજુ કરવા આદેશ કરવાનો રહે છે. જેથી આરોપીઓને હાલના તબકકે કોઇ સજા જાહેર કરવામાં આવેલ નથી અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) હાલના કેસના સંજોગો જોતાં આરોપીઓ (૧) કિરણભાઇ પુંજાભાઇ ભોઇ, (૨) કૌશીકભાઇ કનુભાઇ ભોઇ તથા (૩) કૃણાલ પુંજાભાઇ ભોઇનાઓને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની કલમ– ૪ ની જોગવાઇ તળે એક વર્ષ માટે સારી વર્તણુંક માટેના અને અદાલત ફરમાવે ત્યારે અદાલતમાં હાજર રહેવા માટેના રૂા.૧૫,૦૦૦/–

(અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન આરોપીઓને પ્રોબેશન ઉપર મુકત કરવામા આવે છે.

(૨) આ કામના તમામ આરોપીઓએ ઈજાપામનાર સાહેદ પપ્પુભાઇ અમૃતભાઈ ભીલને વળતર પેટે રૂા.૨૫,૦૦૦/-(અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ચુકવી આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીઓને એક વર્ષ માટે પ્રોબેશન ઓફીસરના નિરક્ષણ હેઠળ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને પ્રોબેશન ઓફીસરે દર છ માસે આ આરોપીઓની વર્તણુંક અંગેનો રીપોર્ટ અત્રેની અદાલતમાં કરવો અને પ્રોબેશનર ઓફીસરને યાદી કરવી.

(૪) આરોપીઓએ અદાલત ફરમાવે ત્યારે અદાલત સમક્ષ હાજર રહેવુ.

(૫) ક્રિ.પ્રો.કોડની કલમ- ૩૬૩ (૧) મુજબ આ હુકમની એક નકલ આરોપીઓને વિનામુલ્યે રજીસ્ટ્રીએ પુરી પાડવી તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૯ મી, માહે: જુલાઇ, સને: ૨૦૨૬ નાં રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઈડર
તા.૨૯/૦૭/૨૦૨૬

**(ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જ્યુડી. મેજી.મુ.ઈડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//Mahavir//